આપનું સપ્તાહ કેવું જશે? તા.૧૩/૦૪/૨૦૨૬ થી તા.૧૯/૦૪/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ.લ.ઇ.) ચાલુ વીક તમારા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઇ શકે છે. નવા રોકાણથી લાભ થાય. આગળ કરેલા રોકાણનું વળતર મળે. વિદ્યાર્થીઓને સફળતા માટે બીજી તક મળી શકે છે. વડીલો, મિત્રોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે. સ્વાર્થી મિત્રો વગેરેથી સાવધાન. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું ભારે પડશે. કોઇ કાવતરાના ભોગ બની શકો છો. નોકરી-ધંધામાં અનુકૂળતા રહેશે. રંગીન અને રસિક મુલાકાત થાય. આર્થિક લાભ થાય.

વૃષભ (બ.વ.ઉ.) કામકાજની જગ્યાએ વિવાદ ટાળવો અને કોઇના ઝઘડામાં પડવું નહીં. નવી તકો મળવાથી નોકરીમાં પ્રભાવ વધે. ધંધામાં નવા સોદા પાર પડે. મિલકત બાબતે વડીલોનો સાથ મળે. સરકારી નોકરિયાતે સાવધાન રહેવું. વિદ્યાર્થીઓને મદદ મળે પણ અશાંતિ સતાવે. પ્રેમમાં ગેરસમજ થાય. ઇર્ષાળુ મિત્રોથી નુકસાન થઇ શકે છે. કોઇના જામીન થવું નહીં. વિદેશનાં કામમાં ગતિ આવશે. પડવા-વાગવાથી સાવધાન. ખર્ચા વધશે.

મિથુન (ક.છ.ઘ.) ચાલુ વીકમાં તમારી પ્રતિભાનો અનુભવ થાય. પોતાના નવા અને રચનાત્મક વિચારો અને કામની કદર થાય. નોકરી-ધંધામાં ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદ મળે. કાયદા બાબતે પ્રગતિ થાય. નવી જવાબદારી આવે. નવા ફેરફાર થાય. ઘરમાં અશાંતિ વધે.આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. કામકાજ વધારવાની અચાનક તક મળે. સંતાનો અને જીવનસાથીના પ્રશ્નો પરેશાન કરે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.

કર્ક (ડ.હ.) સપ્તાહ સરકારી કામમાં સાવધાની સૂચવે છે. લેવડદેવડ બાબતે બેદરકારી ભારે પડે. ઉઘરાણી આવી શકે છે. તમારી બુદ્ધિશક્તિ અને વહીવટી કુશળતાથી અટકેલાં કામ પાર પડે. સરકારી યોજનાનો લાભ મળે. આગ-પાણી અકસ્માતથી સાવધાન રહેવું. ધાર્મિક યાત્રા થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. કાયદા કાનૂન બાબતે મદદ મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. સ્ત્રી વર્ગનો સાથ મળે. પણ જાહેરજીવનમાં સ્ત્રીવર્ગથી સાવધાન રહેવું.

સિંહ (મ.ટ.) ચાલુ વીકમાં મહત્ત્વની મિટીંગ હકારાત્મક રહે. ભાગીદારીમાં નવા નિર્ણય લેવાય. કુટુંબની સમસ્યાનું સમાધાન થાય. ઘરમાં વિવાદથી બચવું.ઉંમરલાયકના વિવાહમાં વિઘ્નો આવી શકે તેમ છે. કોર્ટ-કચેરી, સરકારી કામ, કાયદા કાનૂન અને લેવડદેવડ બાબતે ખાસ સાવધાની રાખવી. આગ, પાણી, અકસ્માત, વિશ્વાસઘાત વગેરેથી સાવધાન રહેવું. અચાનક શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય.

કન્યા (પ.ઠ.ણ.) ચાલુ વીકમાં પોતાના કામમાં ખાસ સાવધાની રાખવી. અચાનક નવી જવાબદારી મળી શકે છે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.આત્મવિશ્વાસથી હરીફોનો સામનો કરવાથી જીત થાય. સરકારી કામમાં ગફલત ભારે પડે. નોકર-ચાકરથી સાવધાન, સમાજમાં વિવાદ ટાળવો. ઘરમાં અવરજવર વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. નવી ભાગીદારી થાય. રોજના કામમાં મદદ મળે.ઉઘરાણી આવવાથી રાહત થાય. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું.

તુલા (ર.ત.) ચાલુ વીકમાં નવા રોકાણથી લાભ થાય. સંતાન-જીવનસાથીના કામ અને પ્રશ્નો સતાવે. પ્રેમમાં ગેરસમજ થાય. ઇર્ષાળુ મિત્રોથી નુકસાન થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે. નોકરીમાં નવી તક ઊભી થાય. નોકર-ચાકર અને હરીફોથી નુકસાન થઇ શકે છે.આંખની કાળજી રાખવી. સરકારી કામમાં વિઘ્નો આવે. ઘર પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. રોજની આવક વધે.

વૃશ્ચિક (ન.ય.) સપ્તાહ સતત વ્યસ્તતામાં પસાર થાય. સમાજ પરિવારના સમારોહની જવાબદારી નિભાવવી પડે. નવા ફેરફારનો લાભ મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે. જમીન મકાનનાં કામ થાય. વડીલોના આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. વિદ્યાર્થીઓને તક મળે. સંતાનોના કેરિયરમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. સરકારી નોકરીની તક મળી શકે છે. નવાં રોકાણ થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.) ચાલુ વીકમાં યાદગાર મુલાકાત થાય મહત્વના કામ પાર પડે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઘર-પરિવારની સમસ્યા સતાવે. મકાન-મિલકત બાબતે વિઘ્નો આવે. બહારનાં કામોનો બોજ અને સંતાનોના પ્રશ્નો સતાવે. પ્રેમમાં સાથ મળે. રોમેન્ટીક મુલાકાત થાય નવા સામાજીક સંબંધો મજબુત બને. કોઈ ઈનામ મળી શકે છે. નવાં રોકાણ થાય.

મકર (ખ. જ.) ચાલુ વીકમાં ઘર-મકાન વારસા જેવા પ્રશ્નો સતાવે. પરિવારમાં અશાંતિ વધે. રોજના કામનો બોજ રહે. સંતાનોનાં પરિવારમાં અશાંતિ વધે. રોજના કામનો બોજ રહે. સંતાનોનાં કામમાં મદદ મળે. ઉધાર-લેવા-દેવાનું ટાળવું. પારિવારિક ધંધામાં આવક વધે. માર્કેટીંગ, દલાલી, ટ્યુશન, ટેકનોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય. પ્રવાસમાં સાવધાની રાખવી. અડોશ-પડોશ સાથે તાલમેળ રાખવો. બહારનાં કામનો બોજ વધશે.

કુંભ (ગ.સ.શ.ષ.) સપ્તાહ નવા ફેરફાર, નવા અવસર અને કાર્યક્ષેત્ર સહકારનું સૂચન કરે છે. આરોગ્ય સુધરે. વાહન ધીમે હાંકવું. દાંપત્યજીવનમાં અશાંતિ વધે.સમાજ અને જાહેરજીવનમાં પરેશાની વધશે. નોકરીમાં નવી જવાબદારી વધે. રોજના કામમાં મદદ મળે. ખાણી-પીણી માર્કેટીંગના કામમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. મિત્રો સાથે સામાજિક કામ થાય.આવક વધે. ટેકનોલોજી, ટ્યુશન, પ્રવાસના કામમાં પ્રગતિ થાય.

મીન (દ.ચ.ઝ.થ.) સપ્તાહ નવા ફેરફારથી શરૂ થાય. આરોગ્યના ખર્ચા વધશે. વિદેશનાં કામ થાય. ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે. પોલીસ લફરાંથી બચવું. વડીલોનું માર્ગદર્શન લેતાં રહેવું. નોકરી ધંધાર્થે પ્રવાસ સફળ રહે. રંગીન મુલાકાત થાય. પ્રેમમાં સાથ મળે. ઉઘરાણી આવે. મોજ-શોખના ધંધામાં આવક વધે. માર્કેટીંગ, દલાલી, શિક્ષણને લગતાં કામ પાર પડે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. ખર્ચા વધશે.

જો પ્રાપ્ત કુંડલી સાચી હોય તો મમતા બેનરજીને ચોથી વાર મુખ્ય પ્રધાન બનતાં કોઈ રોકી શકે નહી.

રાજકારણમાં સફળતા માટે જમીની સમસ્યા અને હકીકતની સમજ, જનતા સાથે સીધું જોડાણ અને સતત સંઘર્ષ અને પરિશ્રમની સાથે નિ:સ્વાર્થ સેવાભાવ, દૂરદર્શી વિચારદૃષ્ટિ અને વિશ્વાસપાત્ર સાથી કે સહકાર્યકર્તા હોવા ખૂબ જરૂરી છે અને જ્યોતિષની દૃષ્ટિએ કુંડલીમાં સૂર્ય, શનિ, રાહુ, મંગળ અને ગુરુની શુભ સ્થિતિ અને દસમા ભાવ અને જ્યોતિષશાસ્ત્રમાં ખૂબ જ શુભ માનવામાં આવતા પંચમહાપુરુષયોગ માનો કોઇ એક યોગ ઓછામાં ઓછો હોવો જરૂરી છે. આ યોગ જાતકને ઇમાનદાર અને વિશ્વસનીયતા આપે છે.

મમતા બેનરજીની કુંડલીમાં શનિ શશયોગ, ગુરુ હંસયોગ અને ચંદ્ર પણ શુભ રાજયોગ કરે છે. ઉપરાંત સૂર્ય અને બુધ વિપરીત રાજયોગ કરે છે. રાહુ-કેતુ પણ નીચભંગ રાજયોગ કરે છે તેમજ મંગળ લડાયક અને થાકયા વગર ઇમાનદારી અને સત્યને કડવું સત્ય સાથે લડાયક મિજાજ આપે છે.

જ્યોતિષની દૃષ્ટિએ છઠ્ઠે ગુરુવાળા જાતકના કોઇ શત્રુ હોય નહીં અને હોય તો તેમનો પરાજય થાય છે.

રાજનીતિની ધરા સમાન દસમા ભાવમાં ઉચ્ચનો શનિ જે લગ્નેશ પણ છે જે ચોથા, જે જનતાનું છે તેને જોતો હોવાથી શનિ જનતા સાથે ખૂબ જ સાદગીથી જોડી રાખે છે. શનિના શુભ ફળ માટે સાદગી, ન્યાયપૂર્ણ વ્યવહાર અને સામાન્ય જનતાની સેવા અને સામાન્ય જનતાનો અવાજ બનનારને જ સફળતા આપે છે. માટે જ 2008થી 2027 સુધીની શનિની મહા દશામાં પ. બંગાળમાં સામ્યવાદીઓના સામ્રાજ્યને નષ્ટ કરીને 2011-16-21થી બંગાળમાં અનેક સંઘર્ષ અને ભયંકર વિટંબણા અને નકારાત્મક રાજકારણની સામે ટકી રહ્યાં છે. શનિ તેમનો અતિ શુભ રાજયોગ કરે છે જે શશનામથી ઓળખાય છે. માટે જ ભયાનક અરાજકતામાં પણ ટકી શકાય છે અને હાલ શનિની મહાદશામાં હસનામનો શુભ રાજયોગ કરતા ઉચ્ચના સાતમુંજે જાહેર જીવન અને જનતાનું સ્થાન છે ત્યાં રહેલ ગુરુની અંતરદશા ચાલે છે જે ઓગસ્ટ 2027 સુધીની છે. માટે કુંડલીની દૃષ્ટિએ તો મમતા અજય છે તે પણ નૈતિક રીતે જીતવાની ક્ષમતા ધરાવે છે.

કોઇ પણ જાતનો ઉત્તમ અને સરળ લાભ મેળવવા માટે અથવા સફળતા માટે કુંડલીમાં અગિયારમો ભાવ ઘણું જ મહત્ત્વ ધરાવે છે. મમતા બેનરજીની કુંડલીમાં યોગ કરતા જે મકર લગ્નમાં શનિ પછી સૌથી શુભ ફળ આપનાર બને છે જેની પ્રતિ અંતરદશા તા.19-04-2026 થી તા. 20-09-2026 સુધીની ચાલુ થાય છે.

પં.બંગાળમાં આ જ સમય દરમિયાન તા. 23-04-2026 અને તા.29-04-2026 દરમિયાન બે તબક્કામાં ચૂંટણી થવાની છે. જે જીત પણ મમતા બેનરજીને ચોથી વાર મુખ્ય પ્રધાન બનતાં કોઇ રોકી શકે એવું લાગતું નથી. જો તેમની પ્રાપ્ત કુંડલી સાચી હોય તો તો ગ્રહ નક્ષત્રની ચાલ અને તેમના જન્મના ગ્રહો તેમને આશીર્વાદ આપે છે. દુનિયા કે અન્ય કોઇ ઇચ્છે કે ન ઇચ્છે પણ ગ્રહોની ઇચ્છા પ્રમાણે જ જગતનું સંચાલન થતું હોય છે. માટે વિરોધ પક્ષ વગેરેની ઇચ્છા કામ આવે નહીં. ગ્રહોની ચાલ સામે! કારણ કે તા.19-04-2026 થી તા. 14-05-2026 દરમિયાન શનિ-ગુરુ-શુક્રમાં શુક્રની સૂક્ષ્મ દશા ચાલે છે. શુક્ર લાભ સ્થાનમાં સાતમાના માલિક ચંદ્ર કે જે ઉચ્ચનો શુભ છે તેની સાથે પ્રતિયુતિમાં શુભ બને છે અને ચંદ્ર પર અગિયાર એટલે કે લાભસ્થાનના માલિક મંગળની દૃષ્ટિ છે જે પણ એક રાજયોગ કરે છે. આમ દશાનાથ શશયોગ, અંતરદશાનાથ હંસયોગ અને પ્રતિ અંતર દશાનાથ શુભરાજ યોગ તેમજ સૂક્ષ્મ અંદર દશાનાથ પણ રાજયોગ કરે છે.

જ્યોતિષશાસ્ત્રના નિયમો પ્રમાણે ગ્રહો કુંડલીમાં રહેલ સ્થિતિ પ્રમાણે તેમનું શુભ અને અશુભ ફળ તેમની દશા અંતરદશા વગેરેમાં આપે છે અને તેના પરિણામની ગતિ કે તીવ્રતા પર ગોચરના ગ્રહોનો પ્રભાવ વધુ રહે છે. ગોચર પ્રમાણે મમતા બેનરજીની કુંડલીમાં હાલ મે 2025 થી મિથુનમાં અતિચારી ગતિના ગુરુદેવનું ભ્રમણ તેમના છઠ્ઠા સ્થાનમાં રહેલ કેતુ પરથી અને બારમે વિપરીત રાજયોગ કરતાં સૂર્ય-બુધ અને રાહુની સામેથી થાય છે. જે શત્રુઓના પરાજયના યોગ કરે છે. તેમની ચલિત કુંડલીમાં જન્મના ગુરુ છઠ્ઠે આવે છે.

જ્યોતિષની દૃષ્ટિએ છઠ્ઠે ગુરુવાળા જાતકના કોઇ શત્રુ હોય નહીં અને હોય તો તેમનો પરાજય થાય છે. આપણે જોતાં આવ્યાં છીએ કે મમતા બેનરજી 1984થી સક્રિય રાજકારણમાં છે અને શરૂથી જ જીતતાં આવ્યાં છે અને 1998માં પોતાના બળબુતા પર TMC ની સ્થાપના કરીને અને માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયાનો સફાયો કર્યો અને આજ સુધી અડીખમ રીતે બંગાળમાં રાજ કરે છે. તેનું કારણ તેમનો ચલિતનો છઠ્ઠે રહેલ ગુરુ છે જે તેમને અજય બનાવે છે અને સાદગી અને એક સાચા ભારતીય જેવું સાદા જીવનની રહેણીકરણીના કારણે શનિદેવના આશીર્વાદ મળે છે. **ન્યાયના દેવ શનિ જેની ફેવરમાં હોય તેનો કોઇ વાળ વાંકો કરી શકે નહીં.**

ગોચરમાં શનિ તેમના ત્રીજા ભાવમાંથી પસાર થઇ રહ્યા છે. તે પણ તેમને શુભ ફળ આપે છે. જન્મના મંગળ પરથી ગોચરનો રાહુ પસાર થાય છે. સામાન્ય રીતે મંગળ-રાહુનો યોગ જાતકને તામસી, લડાયક અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ટકવાની અને જીતવાની શક્તિ આપતો હોય છે. હાલમાં આજની તારીખે શનિ-સૂર્ય-મંગળ અને નેપ્ચ્યુનનો યોગ મીનમાં ત્રીજા ભાવમાં થાય છે અને આવતી કાલથી બુધ પણ મીનમાં આવશે. તા. 14-04-2026 થી સૂર્ય પોતાની ઉચ્ચ રાશિમાં પ્રવેશ કરે છે. જે જન્મના શનિ સામેથી પસાર થશે. આ એક મહા પરિવર્તનનો યોગ કરે છે. મોટા ભાગે જન્મના શનિ-સૂર્યનો યોગ ગોચરમાં થાય તો અણધાર્યાં પરિણામો આપે છે. એક આ યોગ તેમના ફેવરમાં ઓછો છે. બાકી તો જીત છે જ.

અનુસંધાન

... પાના પહેલાનું

પાકિસ્તાનમાં

ઇરાન-અમેરિકા...

અને મને લાગે છે કે આ સમાચાર અમેરિકા કરતા ઈરાન માટે વધુ ખરાબ છે. તેમણે વધુમાં ઉમેર્યું, પરંતુ સાદી હકીકત એ છે કે અમારે એક મક્કમ ખાતરીની જરૂર છે કે તેઓ પરમાણુ હથિયાર મેળવવાનો પ્રયાસ નહીં કરે અને તેવા સાધનો પણ નહીં શોધે જે તેમને ઝડપથી પરમાણુ હથિયાર બનાવવામાં સક્ષમ બનાવે.

ઈરાની મીડિયાના અહેવાલો મુજબ, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર નિયંત્રણ અને ઈરાની સંપત્તિઓને જે જપ્ત કરવામાં આવી છે તેને મુક્ત કરવા જેવા મુદ્દાઓ પર મતભેદ દૂર ન થવાને કારણે મંત્રણા નિષ્ફળ રહી હતી. ગાલિબાફે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ઈરાની પક્ષે ભાવિ લક્ષી પહેલો રજૂ કરી હતી, પરંતુ સામો પક્ષ આ રાઉન્ડની વાટાઘાટોમાં ઈરાની પ્રતિનિધિમંડળનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ રહ્યો હતો. દરમિયાન, પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડારે જણાવ્યું હતું કે ઈસ્લામાબાદ ઈરાન-અમેરિકા શાંતિ મંત્રણામાં સુવિધા આપવાનું ચાલુ રાખશે. તેમણે વડાપ્રધાન શહેબાઝ શરીફના યુદ્ધવિરામના પ્રસ્તાવને સ્વીકારવા બદલ બંને પક્ષોનો આભાર માન્યો હતો. અમેરિકી ટીમમાં પશ્ચિમ એશિયાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ તેમજ વ્હાઈટ હાઉસના સલાહકાર જેરેડ કુશનર પણ સામેલ હતા.

નેતાન્યાહુના એક...

કે, મીટિંગ દરમિયાન નેતન્યાહુના વેન્સને આવેલા ફોન કોલે અમેરિકા-ઈરાન વાટાઘાટોનું ધ્યાન હટાવીને ઇઝરાયેલના હિતો તરફ કેન્દ્રિત કરી દીધું હતું. અમેરિકાએ જે બાબત યુદ્ધ દ્વારા મેળવી શક્યું નહોતું, તે વાટાઘાટોના ટેબલ પર હાંસલ કરવાનો પ્રયાસ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઈરાન પાકિસ્તાનની યજમાનીમાં થયેલી આ મંત્રણામાં સદ્ભાવના સાથે જોડાયું હતું, અને ઉમેર્યું હતું કે વેન્સની વિદાય પહેલાની પ્રેસ કોન્ફરન્સ બિનજરૂરી હતી. તેમણે કહ્યું કે ઈરાન પોતાના રાષ્ટ્રના હિત અને સાર્વભૌમત્વનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ અને તૈયાર છે. વોશિંગ્ટન દ્વારા નેતન્યાહુના આ ફોન કોલ અંગે હજુ સુધી કોઈ પુષ્ટિ કે ઈનકાર કરવામાં આવ્યો નથી.

પીઢ પાર્શ્વગાયિકા...

માહિતી આપતા જણાવ્યું હતું કે તબિયતમાં સુધારો થતા તે વિશે તમને જાણ કરવામાં આવશે, પરંતુ આશાજીની તબિયતમાં સુધારો થયો નહી અને રવિવારે સવારે તેમણે ફાની દુનિયાને અલવિદા કરી હતી અને આ સાથે જ હિન્દી ફિલ્મોના પ્લેબેક સિંગિંગમાં જાણે એક યુગનો અંત આવ્યો હતો.

આશાજીએ ૧૯૪૯માં ૧૬ વર્ષની વયે ગણપતરાવ ભોંસલે સાથે લગ્ન કર્યા હતા અને પાછળથી તેમના સહયોગી અને સંગીતકાર આર.ડી. બર્મન સાથે લગ્ન કર્યા હતા, તેમના પરિવારમાં પુત્ર આનંદ અને પૌત્ર-પૌત્રીઓ છે. ગાયિકાના પુત્ર આનંદે જણાવ્યું હતું કે અંતિમ સંસ્કાર સોમવારે કરવામાં આવશે. તેમણે પત્રકારોને જણાવ્યું કે, લોકો આવતીકાલે સવારે 11થી 3 વાગ્યા સુધી લોઅર પરેલ સ્થિત તેમના નિવાસસ્થાન 'કાસા ગ્રાન્ડે' ખાતે તેમના અંતિમ દર્શન કરી શકશે. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે સાંજે ૪ વાગ્યે શિવાજી પાર્ક ખાતે કરવામાં આવશે.

આશાજીએ જેટલી કુશળતાથી આજા, આજા જેવા ગીતો પર શ્રોતાઓને ઝુમતા કર્યા, તેટલી જ કુશળતાથી ચૈન સે હમ કો કભીમાં વિરહની વેદના પણ વ્યક્ત કરી. તેમણે તેમની બહેન લતા સાથે મળીને સાત દાયકા સુધી હિન્દી પ્લેબેક સિંગિંગની દુનિયા પર રાજ કર્યું, જ્યાં બોલિવૂડમાં અગ્રણી અભિનેત્રીઓ માટે રેકોર્ડ કરાયેલ લગભગ દરેક ગીતમાં તેમનો અવાજ હતો. આશાજીએ પોતે આઠ દાયકાથી વધુ સમય સુધી ગાયું અને અંદાજે ૧૨,૦૦૦ જેટલા ગીતો રેકોર્ડ કર્યા. તેમનું પ્રથમ ગીત ૧૯૪૩માં ૧૦ વર્ષની વયે મરાઠી ફિલ્મ માઝા બાળ માટે હતું. તેમણે ૨૦૧૦ના દાયકાના અંત સુધી અને તે પછી પણ ગાવાનું ચાલુ રાખ્યું, જે તેમને વૈશ્વિક સંગીત ઇતિહાસમાં સૌથી લાંબો સમય પ્રદર્શન કરનાર ગાયકોમાંના એક બનાવે છે.

લતાજીથી વિપરીત, તેમનો અવાજ સ્થિર રહ્યો અને ૮૦ વર્ષની ઉંમરે ગાતી વખતે પણ તેનો લય તાજો રહ્યો હતો. લતાજીનું અવસાન ફેબ્રુઆરી ૨૦૨૨માં ૯૨ વર્ષની વયે થયું હતું. નોંધપાત્ર બાબત એ છે કે ભારતની ગાયકીના દેવતાઓના સિંહાસન પર સમાન સ્થાન ધરાવતી આ બંને બહેનો વચ્ચે ક્યારેય હરીફાઈનો કોઈ સંકેત જોવા મળ્યો ન હતો.

'હું મોક્ષ પ્રાપ્ત કરીશ':...

કેપ્શનમાં લખવામાં આવ્યું હતું કે, "ગીત 'ધ શેડોઈ લાઇટ' મારા માટે ખૂબ જ ઊંડો અર્થ ધરાવે છે. વારાણસી જઈને અને સૌથી પવિત્ર નદી ગંગાના કિનારે યાત્રા કરતા સમયે જે કંઈ મેં જોયું તેને નજીકથી સમજવા પર મને જીવનનો અર્થ સમજાયો. હું કોણ છું અને આ પૃથ્વી પર મારે શું કરવાનું છે." તેની આગળ તેમણે લખ્યું હતું કે, "'ધ શેડોઈ લાઇટ'માં આ ઊંડી નદીને પાર કરવી એ મારા જીવનની જર્નીનું પ્રતીક છે. મારો જન્મ, મારા સંબંધો, સંગીત પ્રત્યે મારી સાધના, મારી સિદ્ધિઓ અને એક દીકરી, માતા, બહેન, પત્ની અને એક હિન્દુ ભારતીય તરીકે મારી ફરજો. આ જર્નીમાં નાવિક મારું સંગીત છે, જે મને જીવનની આ નદીને પાર કરાવનાર મારો માર્ગદર્શક છે. જ્યારે હું બીજા કિનારે પહોંચીશ, ત્યારે મારી યાત્રા પૂર્ણ થઈ જશે. હું મોક્ષ પ્રાપ્ત કરીશ, જ્યાં હું એ હજારો ધ્વનિઓમાં એક થઈ જઈશ જે આપણી આસપાસ દરેક સમયે તરતી રહે છે."

સર્જરી પછી આશાજીએ...

કે સર્જરી તો મેં કરી છે ત્યારે તેમણે મને પણ સાડી ભેટ આપવાની ઓફર કરી. કેટલી સાદગી!" લહાણેએ કહ્યું કે તેઓ સુપ્રસિદ્ધ ગાયિકા સાથે ખૂબ જ ગાઢ અને પ્રેમાળ સંબંધ ધરાવતા હતા, જેમનું રવિવારે મુંબઈમાં નિધન થયું હતું. લહાણેએ જણાવ્યું હતું કે, "તેઓ મને વહાલથી 'તાત્યા' કહીને બોલાવતા. જ્યારે પણ તેમને કોઈ વસ્તુની જરૂર હોય ત્યારે તેઓ મને વ્યક્તિગત રીતે ફોન કરતા. જ્યારે પણ તેઓ હોસ્પિટલની મુલાકાત લેતા ત્યારે તેઓ અમારી સાથે નિખાલસતાથી વાતો કરતા, હસી-મજાક કરતા અને ક્યારેક કોઈ સુંદર ગીત પણ ગાતા, જે તે ક્ષણોને ખરેખર યાદગાર બનાવી દેતું."

આશા ભોંસલે અને...

સંયોગ પણ છે. લતા મંગેશકરનું નિધન ફેબ્રુઆરી 2022માં થયું હતું અને તે સમયે તેમની ઉંમર 92 વર્ષ હતી. ઠીક તેવી જ રીતે, નિધન સમયે આશા ભોંસલેની ઉંમર પણ 92 વર્ષ જ હતી. લતા મંગેશકરનો જન્મ 28 સપ્ટેમ્બર, 1929ના રોજ થયો હતો, જ્યારે આશા ભોંસલેનો જન્મ 8 સપ્ટેમ્બર, 1933ના રોજ થયો હતો. આમ બંને બહેનોની ઉંમરમાં ચાર વર્ષનો તફાવત હતો. અને લતાના નિધનના ઠીક 4 વર્ષ પછી આશાએ પણ દુનિયાને અલવિદા કહી દીધું.

અમરનાથ યાત્રા ૩...

એકંદરે, આ વર્ષની તીર્થયાત્રા થોડી લાંબી હશે, જે લગભગ 57 દિવસ સુધી ચાલશે."

યાત્રા માટે નોંધણી ફરજિયાત કરવામાં આવી છે અને તે 15 એપ્રિલથી શરૂ થશે. શ્રદ્ધાળુઓ માટે લઘુત્તમ વય 13 વર્ષ અને મહત્તમ 70 વર્ષ નક્કી કરવામાં આવી છે.

સિન્હાએ જણાવ્યું હતું કે, "દેશભરની લગભગ 556 નિયુક્ત બેંક શાખાઓ દ્વારા એડવાન્સ રજિસ્ટ્રેશન કરી શકાશે, જ્યારે અમરનાથજી શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ ઉપલબ્ધ રહેશે."

એલજીએ કહ્યું કે યસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, પંજાબ નેશનલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને એક્સિસ બેંક તેમની શાખાઓ દ્વારા રજિસ્ટ્રેશનની સુવિધા આપશે.

પ્રથમ પૂજા 19 જૂને જેઠ પૂનમના અવસરે કરવામાં આવશે.

ત્રાસવાદીઓ માટે...

દેશમાં સ્થાયી થયો હોવાનું મનાય છે. પાકિસ્તાનના કરાચીના રહેવાસી ઉમરે 2012 પછી ભારતમાં ઘૂસણખોરી કરી હતી અને 2024માં રાજસ્થાનના જયપુરથી મેળવેલા નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને ભાગી ગયો હતો. 31 માર્ચથી શરૂ થયેલા આ ઓપરેશન પર ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) નલિન પ્રભાત નજર રાખી રહ્યા હતા, જેઓ પોતે શ્રીનગરમાં રોકાયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ તપાસમાં લશ્કરના ફંડિંગ અને નાણાકીય મોડલનો પણ ખુલાસો થયો છે. આતંકવાદીઓએ માત્ર જમ્મુ-કાશ્મીરમાં જ નહીં, પરંતુ અન્ય અનેક રાજ્યોમાં નેટવર્ક બનાવવા માટે નકલી દસ્તાવેજો અને ઓળખનો ઉપયોગ કર્યો હતો. અધિકારીઓએ અટકાયત કરાયેલા લોકોમાંથી કેટલાકની ધરપકડ કરવાની શક્યતા નકારી નથી, ખાસ કરીને જેમણે છેતરપિંડીથી પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજો મેળવવામાં મદદ કરી હતી. ધરપકડ કરાયેલા પાંચ લોકોમાં શ્રીનગરના ત્રણ રહેવાસીઓ - મોહમ્મદ નકીબ ભટ, આદિલ રાશિદ ભટ અને ગુલામ મીર ઉર્ફે મામાનો સમાવેશ થાય છે. તેમના પર આતંકવાદીઓને આશ્રય, ખોરાક અને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડવાનો આરોપ છે.

હોર્મુઝની સામુદ્રધૂનિની...

નાકાબંધી કરવાની પ્રક્રિયા શરૂ કરશે.' તેમણે એવો દાવો પણ કર્યો હતો કે ઈરાન આ જળમાર્ગને ખુલ્લો રાખવાની ખાતરી આપવામાં નિષ્ફળ રહ્યું છે, અને એવો આક્ષેપ કર્યો હતો કે દરિયાઈ સુરંગોના જોખમોએ પહેલેથી જ શિપિંગ પ્રવૃત્તિઓને અટકાવી દીધી છે. 'તેઓ કહે છે કે ત્યાં ક્યાંક સુરંગ હોઈ શકે છે-કયો જહાજ માલિક આવું જોખમ ખેડવા માંગશે?' એમ ટ્રમ્પે વધુમાં કહ્યું હતું. પ્રમુખે વધુમાં ઉમેર્યું હતું કે તેમણે અમારી નૌકાદળને આંતરરાષ્ટ્રીય જળસીમામાં એવા દરેક જહાજને શોધવા અને અટકાવવાની સૂચના આપી છે કે જેણે ઈરાનને ટોલ ચૂકવ્યો છે. ગેરકાયદેસર ટોલ ચૂકવનાર કોઈપણ જહાજને ખુલ્લા સમુદ્રમાં સુરક્ષિત રીતે પસાર થવા દેવામાં આવશે નહીં. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે અમેરિકા યોગ્ય સમયે ઈરાનને ખતમ કરવા તૈયાર છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેહરાનની પરમાણુ મહત્વાકાંક્ષાઓ યુદ્ધનો અંત લાવવામાં નિષ્ફળતાનું મુખ્ય કારણ છે.

સંસ્કૃતિ નાશ પામશે...

છે. હું ભવિષ્યવાણી કરું છું કે તેઓ પાછા આવશે અને આપણે જે જોઈએ છે તે બધું જ આપણને આપશે. ૭ એપ્રિલના રોજ, ટ્રમ્પે ધમકી આપી હતી કે અમેરિકી દળો આખી સંસ્કૃતિનો સફાયો કરી નાખશે અને માંગ કરી હતી કે ઈરાન હોર્મુઝની સામુદ્રધુનીને નૌકાયન માટે ખોલી દે, જે વૈશ્વિક તેલ પુરવઠાના પાંચમા ભાગ માટેનો પરિવહન માર્ગ છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કર્યું હતું કે, આજે રાત્રે એક આખી સંસ્કૃતિ મૃત્યુ પામશે, જે ફરી ક્યારેય પાછી નહીં આવે, તેમની આ ટિપ્પણીની સમગ્ર વિશ્વમાં નિંદા થઈ હતી. રવિવારે, ટ્રમ્પે તેમના નિવેદનનો બચાવ કરતા કહ્યું હતું કે ઈરાન હંમેશા દર બીજા દિવસે અમેરિકાનું મોતના નારા લગાવતું રહે છે.

ટ્રમ્પે ભારત-પાકિસ્તાન...

જે એક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને તેના પર વૈશ્વિક સ્તરે ચિંતા, અવ્યવસ્થા અને પીડા પેદા કરવાનો આરોપ લગાવતાં ટ્રમ્પ ઇસ્લામાબાદ તરફ વળ્યા હતા. ટ્રમ્પે કહ્યું કે મુનીર અને શરીફની આગેવાની હેઠળની બેઠક પછી તેમને સંપૂર્ણ રીતે માહિતગાર કરવામાં આવ્યા હતા અને તેમને દયાળુ અને અત્યંત સક્ષમ નેતૃત્વનો શ્રેય આપ્યો હતો. તે પ્રશંસા ત્યાં જ અટકી ન હતી, પરંતુ ટ્રમ્પે આ વખતે પ્રશંસાના સ્તરને વધુ ઊંચું કરતા મુનીર અને શરીફને ખૂબ જ અસાધારણ માણસો ગણાવી દીધા હતા.

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ **સુરત** સબ ડિસ્ટ્રીકટ-તાલુકો **ચોરાસી** ના **મોજે ગામ ભાણોદરા** ના **રે.સર્વે નંબર : ૨૧/૩** ના **બ્લોક નંબર : ૪૧** વાળી ખેતીની જુની શરતની જમીન કે જેનું ૭/૧૨ મુજબ **કુલ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૧-૯૬-૨૭ ચો.મી. યાને ૧૯૬૨૭.૦૦ ચો.મી.** છે. તેમજ આકાર રૂા. ૨૩.૭૫ પૈસા તથા હાલનો ખાતા નંબર : ૪૬૪ છે. તે ખેતીની આખી જમીન તથા તેને લાગુ એવા અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક-હિત હિસ્સા સહીતની મીલકત **(૧) ખુરશીદજહાં મોહમદ યુસુફ પટેલ તે મોહમદ યુસુફ ગુલામ અહમદ પટેલની પત્ની, (૨) ઝકીયા મોહમદ યુસુફ પટેલ તે મોહમદ યુસુફ ગુલામ અહમદ પટેલની દિકરી, (૩) અનવર મોહમદ યુસુફ પટેલ, (૪) ઝુબેર અહમદ મોહમદ યુસુફ પટેલ, (૫) તલ્હા મોહમદ યુસુફ પટેલ, (૬) જમીલાબીબી મોહમદ યુસુફ પટેલ તે મોહમદ યુસુફ ગુલામ અહમદ પટેલની દિકરી તથા (૭) યહયા મોહમદ યુસુફ પટેલ નાઓ** તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઈટલ વાળી હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઈના મજકુર જમીન પર સીધા/આડકતરા કાંઈપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઈપણ ઈસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઈપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઉભા કરવામાં / કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
મેહુલ એસ. લખાણી
હિરેન એચ. સતાણી
તે ખરીદનારના એડ્વોકેટ્સ

સ્થળ : સુરત તા. ૧૩/૦૪/૨૦૨૬
RISE UP ASSOCIATES
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એંકલેવ-૧, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો. ૮૮૬૬૬ ૦૧૪૧૫ - ૯૮૦૯૮ ૮૮૦૫૫

ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ : **ઓલપાડ**નાં મોજે ગામઃ **દિહેણ**નાં ખાતા નંબર : ૬૫૦, જેનો રે.સર્વે નંબર : ૭૨૦/૧, ૭૨૦/૨, જેનો બ્લોક **નંબર : ૧૦૫૭** વાળી ટાઈટલ કલીયર ખેડખાતાની જુની શરતની ખેતીની જમીન, જેનું કુલ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૩૬-૪૨ ચો.મી.**ટાઈટલ કલીયર જુની શરતની ખેતીની જમીન, જેનો આકાર રૂા.૭-૦૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન **ચંદુભાઈ ઠાકોરભાઈની** સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું તથા તમામ પ્રકારનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવીને મારા અસીલોને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન- મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, ટ્રસ્ટ/સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સંબંધ, કે દાવો, બોજો, લીયન, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો-વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન-માલીકોની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકોને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલોનાં નામે કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.

લિ. ચંદુભાઈ ઠાકોરભાઈ

મારી મારફતઃ
બી. કે. રાબડીયા - એડવોકેટ
સંજય જે. ગોલકીયા - એડવોકેટ

ઓફિસઃ સાક્ષી હાઉસ, જીવનધારા હોટલ સામે, ગીતાંજલી, વરાછા રોડ, સુરત. મો.૯૯૨૫૦ ૧૫૨૧૫

ગામ મોજે ભેસ્તાનના બ્લોક નં.૨૦૦/પૈકી ૧, જુના રે.સ.નં. ૨૭૪ પૈકી વાળી જમીન અંગેની "જમીનનાં ટાઈટલ કાલિયર્ન્સ અંગેની જાહેર નોટીસ' નો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

તા.૦૮-૦૪-૨૦૨૬ના રોજના દૈનિક વર્તમાનપત્ર **ગુજરાત મિત્રમાં એડવોકેટ શ્રી જીતેન્દ્ર એ. વાકાંવાલાએ** તેઓના અસીલો **(૧) અનિરૂધ્ધ રામઅનુગ્રહ પાંડે (૨) અમરેશ પાંડેએ "ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ"**ની માંગણીના અનુસંધાને છપાવેલ જાહેર નોટીસના અનુસંધાને મજકુર તમામને તથા લાગતાં વળગતાં સર્વેને આથી જણાવવાનું કે, **સુરત** જીલ્લાના, **ઉધના** તાલુકાના, **ભેસ્તાન** ગામના, **બ્લોક નં. ૨૦૦/પૈકી ૧** (જુના સર્વે નં. ૨૭૪ પૈકી), વાળી સુમારે ૨-૮૩-૦૦ હે.આરે.ચો.મી., આકાર રૂા.૪૪-૦૦ પૈસા વાળી જમીનમાં અમારા અસીલો **(૧) નિતિનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, (૨) હર્ષદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ,** બંને ઠે. કોળીવાડ, સ્ટેટ બેન્કની પાછળ, બારડોલી, સુરત તથા **(૩) છાયાબેન વિઠ્ઠલભાઈ પટેલ તે હસમુખભાઈ પટેલની પત્ની,** ઠે.: ૧૪૮/૧, મોટી શેરી, ઉનગામ, સીટી સુરતનો કુલ ૧/૫ મો વણવહેચાયેલો માલીકી, હકક-હિત-હિસ્સો સતત રીતે ચાલી આવેલ છે અને તેના અનુસંધાને તેઓએ **સ્પે.દિ.મુ.નં. ૭૯/૨૦૨૫નો** દાવો કરેલ છે અને તે હાલ **મહેરબાન સુરતના ૧૦માં એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં** પડતર છે. જે દાવાના કામે જાહેર નોટીસમાં જણાવેલ તુષાર કાંતિલાલ પટેલ તથા હિમાંશુ કાંતિલાલ પટેલ સહીતના હાજર થયેલ છે. એટલું જ નહી પરંતુ, સદર જમીન બાબતે મહે. કલેકટરશ્રી સમક્ષ **રીવીઝન અરજી નં. ૧૬૩/૨૦૨૫** પણ પડતર છે. જે બંને તેઓ લંબાવી રહેલા છે. સદર પ્રકરણનો ઉલ્લેખ બિનખેતીના હુકમમાં પણ છે. આમ છતાં, "ધોળે દિવસે આંખો મીચી" મજકુર જાહેર નોટીસમાં જણાવેલ શખ્સો સહીતનાઓએ સદર જમીન બાબતે પડતર કાનુની કાર્યવાહી દરમ્યાન કોઈ લખાણો કર્યા-કરાવ્યા હોય તો તે ધ્યાને લેવાપાત્ર બનતા નથી કે તે અમારા અસીલોના કાયદેસરના હકકો વિરૂધ્ધ અમલી બનતા નથી અને તેથી સદર જમીન અંગેનો જણાવેલો કહેવાતો વેચાણ દસ્તાવેજ નં. ૭૦૪૮, તા.૦૧-૦૪-૨૦૨૬ના આધારે તે કરનાર-કરાવનારને જાહેર નોટીસ આપવા-અપાવવા કે કોઈ પણ પ્રકારના સર્ટીફીકેટની માંગણી કરવા-કરાવવા કોઈ કાનુની હકક કે અધિકાર ન્હોતા અને નથી અને તેનાથી મજકુર શખ્સો કે અન્ય કોઈને કોઈ પણ પ્રકારના ટાઈટલ કલીયરન્સ અંગેના સર્ટીફીકેટ કાયદેસર રીતે આપી શકાતા નથી. વધુમાં, અમારા અસીલોના માલીકી હકકો વિરૂધ્ધ મજકુર કોઈ પણ શખ્સમાં કોઈ પણ પ્રકારના અધિકારો પ્રસ્થાપિત થયા પણ નથી. વધુમાં, ગામ દફતરે નોંધ નં. ૧૬૪૬ના મુળ દસ્તાવેજો જોવામાં આવે તો પણ સ્પષ્ટ થાય છે કે, સદર જમીન પૈકીની ૭ એકર જમીન મકનભાઈ દુર્લભભાઈને માલીકી હકકે મળેલી. જેઓએ કયારેય કોઈ વેચાણ કે વ્હેંચણ કરેલ નથી. આમ, મુળ રેકર્ડની અવગણના કરી, થયેલા કોઈ પણ પ્રકારના ફેરફાર કોઈ પણ હેતુ માટે ધ્યાને લેવાપાત્ર બનતા નથી. આવા સંજોગોમાં, ઉપર જણાવેલ જમીન કે તેવી જમીનનો જાહેર નોટીસમાં જણાવ્યા મુજબ **TPS** નં. ૫૪ (ભેસ્તાન)માં ફા. પ્લોટ નં. ૩૧ - ક્ષેત્રફળ ૧૯,૮૧૦ચો.મી. છે, તેવી જમીનના કોઈ પણ ભાગ અંગે કોઈ પણ પ્રકારનું "ટાઈટલ કલીયરન્સ અંગેનું સર્ટીફીકેટ" આપી શકાતું નથી. હરકોઈ હકીકતમાં સદર જમીન અંગેના થયેલા તમામ વ્યવહારો તથા તેને લગત કથનો તદન ખોટા, ગેરકાયદેસરના, બિનઅધિકૃત, મુળથી જ નિરર્થક, વ્યર્થ, રદબાતલ, બિનઅવેજી, બિનઅમલી પણ છે અને હરકોઈ રીતે ધ્યાને લેવા પાત્ર પણ નથી. વધુમાં ઉપરોકત દાવાના કામે નામદાર કોર્ટે કરેલા હુકમના આધારે દાવાવાળી જમીનની સ્થળસ્થિતિ કોર્ટ કમીશનરશ્રી મારફતે રેકર્ડ ઉપર છે. જેથી અમારા ઉપરોકત અસીલોના કાયદેસરના અધિકારો ફ્રસ્ટ્રેટ કરવા, કાનુની કાર્યવાહીમાં બાધા ઉભી કરવા મજકુર મેળાપીપણાંયુકત થયેલ વેચાણ ગેરકાયદેસર છે. જેની દરેકને જાણ કરવા સારૂ તથા અમારા અસીલોના કાનુની હકકો વિરૂધ્ધ કોઈએ કોઈપણ પ્રકારે સદર જમીન બાબતે કોઈ વ્યવહાર કે લેવડ દેવડ નહી કરવા-કરાવવા કે લખાણો ઉભા નહી કરવા-કરાવવા કે કાયદો હાથમાં નહી લેવા અને કોઈ પણ પ્રકારના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ નહી આપવા-અપાવવા બાબતે અને સાથો-સાથો તેવા કૃત્યો કરવા-કરાવવામાં આવે તો તેવા શખ્સો વિરૂધ્ધ અમારા અસીલો સખત હાથે ફોજદારી સહીતની રાહે કાનુની કાર્યવાહી કરશે-કરાવશે, તેવી જાણકારી કરવા હાલની આ જાહેર નોટીસ તથા વળતી જાહેર ચેતવણી આપેલ આપે છે, જેની ગંભીર નોંધ લેવી.

તા.૧૩-૦૪-૨૦૨૬.
ઠે.:- ૬૦૩, ટાઈટાનિયમ,
ભીમરાડ, સુરત.

ચેતન વી. કાપડીયા
તે નિતિનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વગેરેના એડવોકેટ

ટાઈટલ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજના મોજે ગામ ધોરણપારડીના જુના બ્લોક **નંબર : ૫૨/૨ થી ૫૨/૧ (નવા બ્લોક નં. ૫૮૬ થી ૫૯૪ તેમજ ૫૯૪ થી ૬૦૮ તેમજ ૨૩૬, ૨૩૭)** થી ના, જેના **ખાતા નં. ૮૩૧** વાળી બીનખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ : ૭૨૦૪ ચો.મી. વાળી જમીન. તે જમીન રેવન્યુ રેકર્ડ દફતરે **વસંતભાઈ ઉકાભાઈ નસીત તેમજ મનસુખભાઈ મેઘજીભાઈ ગોયાણી**ના નામે સંયુકત માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલ છે. આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ઉપરોકત જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત ઉપરોકત જમીન માલિકે મારા અસીલને તમામ બોજા રહિત વેચાણ આપવાનું નક્કી કરેલ છે સદરહુ જમીનમાં ઉપર જણાવેલા શખ્શો સિવાય અન્ય કોઈ ના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, દરદાવો, હિસ્સો, ગીરો, લીયન વિગેરે હોય યા વપરાશના હક્કો કે ઇઝમેન્ટ સ્વરૂપના હક્કો યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો તેમણે નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી, મુદત વિત્યે કોઇના કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સો, દરદાવો જતો કર્યો છે તેમ માની મારા અસીલ સદરહુ વ્યવહાર પૂર્ણ કરી પાકો દસ્તાવેજ કરાવી લેશે તેમજ ઉપરોકત મિલકતનું ટાઈટલ આપી દેવામાં આવશે પાછળથી કોઈની કોઈપણ જાતની તર તકરાર કાયદામાં ગ્રાહ્ય ગણાશે નહિ તેમજ રદ ગણાશે જેની છેવટની નોંધ લેવી. (તા. ૧૩/૦૪/૨૦૨૬)

૪૧૬, ૪૧૭, ડ્રીમલેન્ડ, સરથાણા જકાતનાકા, સુરત. મો. ૯૩૭૬૭ ૭૦૩૩૩
અશ્વિન એમ. હીરપરા
એડવોકેટ

મોજે : તરભોણના બ્લોક નં.૪૭૦ વાળી જમીન અંગે હમના અસીલે ગુજરાત મિત્ર દૈનિક વર્તમાનપત્રમાં તા. ૧૩/૧૦/૨૦૨૫ ના રોજ વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ તે સામે એડવોકેટ ગૌતમ બી. કાછડીયા દ્વારા તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજ વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ પ્રસિધ્ધ કરાવેલ તે સંદર્ભે વળતો જાહેર ખુલાસો / ચેતવણી.

આથી જાહેર જનતાને જણાવવાનું કે, તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજ એડવોકેટ ગૌતમ બી. કાછડીયા મારફતે ગુજરાતમિત્ર, સુરતમાં દૈનિક વર્તમાન પત્રમાં આપવામાં આવેલ વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબમાં સુરત જીલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ તરભોથા માં આવેલ (૧) બ્લોક નં.૪૭૦, રે.સ.નં.૨૨૧/૧ કે જેનો ખાતા નં.૫૮૪ વાળી જૂની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૦-૧૨-૧૫ ચો.મી. છે અને જેનો આકાર રૂા.૦૯૭ પૈસા છે તે જમીન, જમીનના માલિક તરીકે અમર મહેશકુમાર દેસાઈ તથા (૨) બ્લોક નં.૪૭૨ રે.સ.નં-૨૨૫/૧/૨, ૨૨૫ કે જેને ખાતા નં.૫૪૧ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે.૦-૪૫-૫૩ ચો.મી. છે અને જેને આકાર રૂા.૧૫.૨૫ પૈસા છે તે જમીન, જમીનના માલીક તરીકે જીગર કિશોરભાઈ દેસાઈ ચાલી આવેલ છે, તે જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ વકીલશ્રી પાર્શ્વ એન. પટેલ એ તેઓના અનામી અસીલના કહેવાથી તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર દૈનિક ન્યુઝ પેપરમાં આપેલ હતી, જે વેચાણ અંગેની જાહેર નોટીસની જાહેર જવાબ છે કે સદરહું જમીન અમોના અસીલ એ સોદાચિઠ્ઠીથી તારીખ : ૧૩/૧૦/૨૦૨૫ ના રોજ જમીન માલીકો પાસેથી ખરીદ કરેલ છે, જે વેચાણ અંગેની જાહેર નોટીસ તારીખ : ૧૯/૧૦/૨૦૨૫ ના રોજ ગુજરાત મિત્ર દૈનિક ન્યુઝ પેપરમાં આપેલ હતી. જેથી આ જાહેર જવાબ આપી જણાવવાનું કે, સદરહુ જમીન અંગે અમારા અસીલની લેખિત સંમતિ વગર કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ જાતના વેચાણ કે ટ્રાન્સફર અંગેના લખાણો, કરાર કરવા કરાવવા નહીં અને કરશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને અમારા અસીલ આવા લખાણો, કરારી વિરૂધ્ધ કાયદેસરના ફોજદારી રાહે દીવાની રાહે પગલાં ભરશે, તે મુજબની એડવોકેટ ગૌતમ બી. કાછડીયા દ્વારા તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજ દૈનિક વર્તમાનપત્ર ગુજરાત મિત્રમાં ''વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ'' પ્રસિધ્ધ કરાવેલ છે, જે જાહેર જનતાને ગેરમાર્ગે દોરાવનારી ભ્રામક સ્વરૂપનો ખોટો જાહેર જવાબ પ્રસિધ્ધ કરાવેલ છે

જે અન્વયે જણાવવાનું કે, સુરત જીલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ તરભોણના બ્લોક નં.૪૭૦, રે.સ.નં.૨૨૧/૧ કે જેનો ખાતા નં.૫૮૪ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૦-૧૨-૧૫ ચો.મી. છે અને જેનો આકાર રૂા.૦.૯૭ પૈસા છે તે જમીન, જમીનના માલિક તરીકે હમોના અસીલ અમર મહેશકુમાર દેસાઈ નાઓ ચાલી આવેલ છે, તે સિવાય સદરહુ જાહેર જવાબમાં અન્ય બ્લોક નં.૪૭૨ વાળી જમીનની જે વિગત દર્શાવેલ છે તે જમીન અન્વયે હમોના અસીલને કશુ પણ લાગતુ વળગતું નથી. વધુમાં એડવોકેટ ગૌતમ બી. કાછડીયા દ્વારા જે જાહેર જવાબ પ્રસિધ્ધ કરાવેલ છે તેમાં તા. ૧૩/૧૦/૨૦૨૫ ના રોજની જે કહેવાતી સોદા ચિઠ્ઠીની વાત કરેલ છે તેવી કોઈ સોદાચિઠ્ઠી હમોના અસીલે આજદિન સુધી કોઈપણ વ્યકિત કે સંસ્થાને બનાવી આપેલ નથી કે હમોના અસીલે તેઓની માલિકીની જમીન અંગે આજદિન સુધી કોઈપણ વ્યકિત, સંસ્થા સાથે કોઈપણ જાતના લખાણો, કરારો કરેલ નથી. વધુમાં ગૌતમ બી. કાછડીયા દ્વારા જે જાહેર જવાબ પ્રસિધ્ધ કરાવેલ છે તે જાહેર જવાબમાં તેઓના અસીલનું નામ પણ દર્શાવેલ નથી, જેથી હાલનો આ વળતો જાહેર ખુલાસો/ચેતવણી આપી જણાવવાનું કે, હમોના અસીલની માલિકીની બ્લોક નં. ૪૭૦ વાળી જમીન અંગે હમારા અસીલની સહી-સંમતિ વિના કહેવાતી તા.૧૩/૧૦/૨૦૨૫ના રોજની સોદાચિઠ્ઠીના આધારે કોઈપણ લે-ભાગુ ઈસમ સાથે કોઈપણ જાતના વ્યવહાર કરવા-કરાવવા નહીં, વ્યવહાર કરનારને કોઈ હક્ક કે અધિકાર પ્રાપ્ત થશે નહી તથા કોર્ટ પ્રકરણો સિવાય કશું પ્રાપ્ત થશે નહીં. તેમજ હમારા અસીલ વ્યવહાર કરનાર વિરૂધ્ધ દિવાની, રેવન્યુ તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરશે, જેની ગંભીર નોંધ લેવી. **હમોની સુચનાથી : અમર મહેશકુમાર દેસાઈ**

ઓફિસ : ૧૦૧, સાંઈ રૂદ્ર પેલેસ, ગોવર્ધન એપાર્ટમેન્ટની પાછળ, ગોઘા સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.નં.: ૯૮૨૫૧-૨૩૦૪૬.
દિપેશ દલાલ
એડવોકેટ

પશ્ચિમ રેલવે ઉધના ⇌ માલદા ટાઉન વચ્ચ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન	સેવાની તારીખો	પ્રસ્થાન	આગમન
૦૯૦૧૩	ઉધના - માલદા ટાઉન	૧૭/૦૪/૨૦૨૬ અને ૨૪/૦૪/૨૦૨૬	૧૪:૩૦ કલાકે (શુક્રવાર)	૦૫:૧૦ કલાકે (રવિવાર)
૦૯૦૧૪	માલદા ટાઉન - ઉધના	૧૯/૦૪/૨૦૨૬ અને ૨૬/૦૪/૨૦૨૬	08:10 કલાકે (રવિવાર)	૨૩:૪૫ કલાકે (આગામી દિવસ)

હોલ્ટ્સ: નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, બખ્તિયારપુર, મોકામા, કિયૂલ, અભાઈપુર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા અને ન્યુ ફરક્કા સ્ટેશન બંને દિશામાં.

રચના: એસી - 3 ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૦૧૩ માટે બુકિંગ ૧૩/૦૪/૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.